www.downloadmela.com

[58]

No. of printed pages: 4

SARDAR PATEL UNIVERSITY
BA V Semester Examination
Friday, 29 November 2013
2.30 - 5.30 pm
**UA05EHIS23** - History : Indian History Part - 1

**કુલ ગુણઃ ૭૦**

સૂચનાઃ ૧. જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
૨. પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં પૂરા વાકયામાં લખો.

પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (૧૮)

૧. સિંધુ સંસ્કૃતિને વિદ્વાનો બીજા _______ નામે ઓળખાવે છે.
(હડપ્પીય સંસ્કૃતિ, લોથલ સંસ્કૃતિ, ઝૂકર સંસ્કૃતિ, સિંધી સંસ્કૃતિ)

૨. મોહેં-જો-દડો _______ નદીના કિનારે વિકસલું હતું.
(રાવી, સિંધુ, સતલુજ, બિયાસ)

૩. સિંધુ સંસ્કૃતિની લિપિ _______ હતી.
(બ્રાહ્મી, દેવનાગરી, ચિત્રલિપિ, ખરોષ્ઠિ)

૪. લોથલ સંસ્કૃતિની શોધ _______ એ કરી હતી.
(ડૉ. હસમુખ સાંકળિયા, દયારામ સાહણી, ડૉ. રાધાકુમુદ મુકરજી, એસ.આર.રાવ)

૫. જાદુ, ભૂત-પ્રેત અને રોગનાશનાં મંત્રો _______ વેદમાં છે.
(અથર્વવેદ, ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ)

૬. મોટાભાગના વિદ્વાનો આર્યોનું મૂળ વતન _______ ને ગણે છે.
(ભારત, મધ્ય એશિયા, તિબેટ, મોંગોલિયા)

૭. રામાયણની મૂળ રચના _______ એ કરેલી છે.
(તુલસીદાસ, કણાદ, વાલ્મિકી, વ્યાસમુનિ)

૮. જૈન ધર્મની પહેલી પરિષદ _______ સ્થળે યોજાઇ હતી.
(ધરમશાલા, તક્ષશિલા, ઉજ્જૈન, પાટલીપુત્ર)

૯. ઋગ્વેદના દશમા મંડળના _______ સૂક્તમાં આર્યોએ રચેલા વર્ણોની ઉત્પત્તિનો ઉલ્લેખ મળે છે.
(પુરુષ, નાસદીય, સોમ, ત્રણમાંથી કોઇ નહિ)

૧૦. બુધ્ધને જયાં જ્ઞાન પ્રાપ્તિ થઇ એ સ્થળ બોધિગયાનું મૂળ નામ _______ હતું
(કુશીનારા, ઉરૂવેલા, પાવાપુરી, સારનાથ)

૧૧. સારનાથનો શિલાસ્તંભ _______ રાજયમાં આવેલો છે.
(બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા)

૧૨. મૌર્ય વહીવટીતંત્રમાં 'સમાહર્તા' _______ ખાતું સંભાળતો.
(સંરક્ષણ, દફતર, શુલ્ક, નાણું અને મહેસૂલ)

૧૩. ભારતનો પ્રથમ ઐતિહાસિક રાજયવંશ _______ ને ગણવામાં આવે છે.
(મૌર્ય, શુંગ, કાણ્વ, શાક્ય)

૧૪. ગુજરાતનો પ્રથમ સ્વતંત્ર સુલતાન _______ હતો.
(ઝફરખાન, તાતારખાન, અહમદખાન, દરિયાખાન)

www.downloadmela.com - World's number one free educational download portal

www.downloadmela.com

૧૫. અકબરે રાણી જોધબાઈનો મહેલ ________માં બંધાવ્યો હતો.
(દિલ્હી, આગ્રા, ફતેહપુર સિક્રી, શાહજહાંનાબાદ)

૧૬. શિવાજીએ ઇ.સ.૧૬૪૬માં સૌ પ્રથમ ________નો કિલ્લો જીતી લીધો હતો.
(સૂપા, તિકોના, આકણ, તોરણા)

૧૭. મરાઠાઓના ઈતિહાસમાં સૌથી મહાન પેશ્વા તરીકે ________ ની ગણના થાય છે.
(માધવરાવ પહેલો, બાજીરાવ પહેલો, બાલાજીબાજીરાવ, બાજીરાવ બીજો)

૧૮. સર જદુનાથ સરકારે ________ને 'સંયુક્ત લશ્કરોનો કુશળ સંચાલક' કહ્યો છે.
(શિવાજી, અંબરનો રાજા જયસિંહ, શાઈસ્તખાન, બાજીપ્રભુ દેશપાંડે)

પ્ર.૨ નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (૧૭)

૧. સિંધુ સંસ્કૃતિના લોકો ખાસ કરીને કયા વૃક્ષની પૂજા વધુ કરતા હોવાનું જણાયું છે ?
(ક) પીપળો (ખ) લીમડો (ગ) વડ (ઘ) ચેરી

૨. નીચેનામાંથી કયું 'ઉપનિષદ' નથી ?
(ક) બૃહદારણ્યક (ખ) સાંખ્ય (ગ) છાંદોગ્ય (ઘ) ઐત્તરેય

૩. ગુજરાતમાં જૈન ધર્મના વિકાસમાં કયા વંશના રાજાઓનું સૌથી મોટું પ્રદાન છે ?
(ક) મૌર્ય (ખ) ચૌહાણ (ગ) સોલંકી (ઘ) ચાવડા

૪. વિશ્વભરમાં જાણીતો બોરોબુદરનો સ્તૂપ નીચેનામાંથી કયા દેશમાં આવેલો છે ?
(ક) શ્રીલંકા (ખ) મ્યાનમાર (ગ) અફઘાનિસ્તાન (ઘ) ઈન્ડોનેશિયા

૫. ચંદ્રગુપ્ત મૌર્ય તેના જીવનના અંતભાગમાં કયો ધર્મ અંગીકાર કર્યો હતો ?
(ક) જૈનધર્મ (ખ) બૌદ્ધધર્મ (ગ) ભાગવત ધર્મ (ઘ) શૈવધર્મ

૬. નીચેનામાંથી કયા રાજાને 'હિંદનો નેપોલિયન' કહે છે ?
(ક) પુલકેશી બીજો (ખ) સમુદ્રગુપ્ત
(ગ) ચદ્રગુપ્ત વિક્રમાદિત્ય (ઘ) ચદ્રગુપ્ત મૌર્ય

૭. ગુપ્તયુગમાં કઇ ભાષા રાજભાષા હતી ?
(ક) બિહારી (ખ) પાલી (ગ) સંસ્કૃત (ઘ) હિન્દી

૮. 'હર્ષચરિત' નામે ગ્રંથ કોણે લખેલો છે ?
(ક) આર્યભટ્ટ (ખ) વાગ્ભટ્ટ (ગ) ચંદ બારોટ (ઘ) બાણભટ્ટ

૯. ચરક અને સુશ્રુત નામે બે આયુર્વેદાચાર્ય કોના દરબારના વિદ્વાનો હતા ?
(ક) કનિષ્ક (ખ) ચંદ્રગુપ્ત મૌર્ય (ગ) ચંદ્રગુપ્ત બીજો (ઘ) સમુદ્રગુપ્ત

૧૦. અંગકોરવાટનું જગપ્રસિદ્ધ વિષ્ણુમંદિર કોણે બંધાવ્યું હતું ?
(ક) જયવર્મન બીજો (ખ) સૂર્યવર્મન બીજો
(ગ) યશોવર્મન (ઘ) જયવર્મન સાતમો

૧૧. સોલંકી વંશની સ્થાપના કોણે કરી હતી ?
(ક) દુર્લભરાજ (ખ) રાજિ (ગ) મૂળરાજ (ઘ) ચાંમુડરાજ

૧૨. સુપ્રસિદ્ધ રાણકીવાવ કોણે બંધાવી હતી ?
(ક) મીનળદેવી (ખ) રાણકદેવીએ
(ગ) વનરાજ ચાવડાએ (ઘ) રાણી ઉદયમતીએ

૧૩. કોર્ણાકનું સૂર્યમંદિર કયા રાજયમાં આવેલું છે ?
(ક) ઓરિસ્સા (ખ) બિહાર (ગ) બંગાળ (ઘ) આંધ્ર

www.downloadmela.com - World's number one free educational download portal

www.downloadmela.com

૧૪. 'સિદ્ધાંત શિરોમણી' નામે ગ્રંથના રચયિતા કોણ છે ?
(ક) હેમચંદ્રાચાર્ય (ખ) ભાસ્કરાચાર્ય (ગ) શંકરાચાર્ય (ઘ) મધ્વાચાર્ય
૧૫. શંકરાચાર્યે નીચેનામાંથી કયા પ્રાચીન સાહિત્ય ઉપર ભાષ્યો લખ્યા નથી ?
(ક) ભગવદ્ગીતા (ખ) ઉપનિષદ (ગ) શ્રૌતસૂત્ર (ઘ) બ્રહ્મસૂત્ર
૧૬. ખજૂરાહોનાં સુપ્રસિદ્ધ શૈવમંદિરો કયા વંશના રાજાઓએ બંધાવેલા છે ?
(ક) પાલ (ખ) ચૌહાણ (ગ) ચાલુક્ય (ઘ) ચંદેલ
૧૭. નીચેનામાંથી દક્ષિણ ભારતનું કયું મંદિર સૌથી મોટું, ઊંચુ અને ભવ્ય છે ?
(ક) બૃહદીશ્વર મંદિર (ખ) કૈલાસનાથ મંદિર
(ગ) મીનાક્ષી મંદિર (ઘ) ધર્મરાજ રથ

પ્ર.૩ નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (૧૭)
૧. ભારતની અઢળક સંપત્તિનો ઉપયોગ મહમૂદ ગઝનીએ નીચેનામાંથી કયા શહેરને સમૃધ્ધ બનાવવામાં કર્યો ?
(ક) ગઝની (ખ) કંદહાર (ગ) બુખારા (ઘ) સમરકંદ
૨. મુહંમદ ઘોરી અને પૃથ્વીરાજ ચૌહાણ વચ્ચેનું તરાઇનું યુદ્ધ કેટલીવાર લડાયું ?
(ક) એકવાર (ખ) બે વાર (ગ) ત્રણ વાર (ઘ) પાંચવાર
૩. પૃથ્વીરાજ ચૌહાણનું મૃત્યુ કેવી રીતે થયું હતુ ?
(ક) માનસિક આઘાતથી (ખ) યુધ્ધમાં લડતાં લડતાં
(ગ) મુહંમદ ઘોરીએ કરાવેલા વધથી (ઘ) કુદરતી
૪. ઈ.સ. ૧૨૦૬માં દિલ્હી સલ્તનતની સ્થાપના કોણે કરી હતી ?
(ક) શિહાબુદ્દીન ઘોરી (ખ) મહમૂદ ગઝની
(ગ) ઇલ્તુમિશ (ઘ) કુતુબુદ્દીન ઐબક
૫. દિલ્હીની પ્રથમ સ્ત્રી રાજ્યકર્તા કોણ હતી ?
(ક) રઝિયાબેગમ (ખ) નૂરજહાં (ગ) ચાંદબીબી (ઘ) જહાંઆરા
૬. કયો સુલતાન બજાર નિયંત્રણ અંગેના સુધારા માટે જાણીતો છે ?
(ક) મહંમદ તઘલખ (ખ) અલાઉદ્દીન ખલજી
(ગ) ઇલ્તુમિશ (ઘ) બલ્બન
૭. તુઘલક વંશનો સ્થાપક કોણ હતો ?
(ક) મહંમદ તુઘલક (ખ) ફિરોજશાહ તુઘલક
(ગ) ગિયાસુદ્દીન તુઘલક (ઘ) ત્રણમાંથી કોઇ નહિ
૮. દિલ્હી સલ્તનતના વહીવટીતંત્રમાં દાન-ધર્મ ખાતાનો વડો કોણ હતો ?
(ક) બરીદ-ઈ-મુમાલિક (ખ) દીવાન-ઈ-રસાલત
(ગ) દીવાન-ઈ-ઇન્શા (ઘ) સદ્ર-ઉસ-સુદૂર
૯. 'પદ્માવત' નામે સુપ્રસિદ્ધ કાવ્યની રચના કોણે કરી હતી ?
(ક) મહંમદ જાયસી (ખ) કવિ જયદેવ (ગ) ચંડીદાસ (ઘ) અલબેરૂની
૧૦. દિલ્હી સલ્તનત દરમિયાન કયું શહેર હીરાના વેપારનું મોટું કેન્દ્ર હતું ?
(ક) બેંગલોર (ખ) દોલતાબાદ (ગ) પટના (ઘ) જોનપુર
૧૧. સંગમવંશનો પ્રથમ શાસક કોણ હતો ?
(ક) બુક્કા (ખ) દેવરાય (ગ) હરિહર (ઘ) વીર નરસિંહ

www.downloadmela.com - World's number one free educational download portal

www.downloadmela.com

૧૨. દિલ્હીના કયા સુલતાને ‘લાખલક્ષ’ કહેવામાં આવતો હતો ?
(ક) ઈલ્તુમિશ (ખ) અલાઉદ્દીન (ગ) બલ્બન (ઘ) કુતુબુદ્દીન ઐબક

૧૩. મહમદ બેગડાના સમયમાં ગુજરાતમાં કયું શહેર જરીકામ અને કિનખાબ માટે જાણીતું હતું ?
(ક) અમદાવાદ (ખ) સુરત (ગ) વડોદરા (ઘ) ખંભાત

૧૪. અજમેરમાં કયા મુસ્લિમ સંતની પ્રસિદ્ધ દરગાહ આવેલી છે ?
(ક) ખ્વાજા સલીમ ચિશ્તી (ખ) ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી
(ગ) ખ્વાજા જહાં (ઘ) ખ્વાજા મીરદર્દ

૧૫. જોનપુર અને ફિરોજાબાદ નામે નગરો કોણે વસાવ્યાં હતા ?
(ક) સિકંદર લોદી (ખ) મુહંમદ તુઘલક (ગ) ફિરોજશાહ તુઘલક (ઘ) મુબારકશાહ

૧૬. નીચેનામાંથી ભારતના કયા રાજાના દરબારમાં ‘અષ્ટદિગ્ગજો’ નામે ઓળખાતા આઠ વિદ્વાનો હતા ?
(ક) અશોક મૌર્ય (ખ) ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય (ગ) રાજાબોજ (ઘ) કૃષ્ણદેવ રાય

૧૭. સલ્તનતકાળની મુસ્લિમ સ્થાપત્ય શૈલી ઈતિહાસમાં કયા નામે ઓળખાય છે ?
(ક) ભારતીય-ઈસ્લામી શૈલી (ખ) ભારતીય-તુર્કી શૈલી
(ગ) ઈરાની શૈલી (ઘ) ગાંધાર શૈલી

પ્ર.૪ નીચે આપેલા 'A' અને 'B' વિભાગમાંથી સાચા વિકલ્પ શોધી જોડકાં જોડો.

(ક) (૦૬)

| | 'A' | | 'B' |
|---|---|---|---|
| ૧. | ઈ.સ. ૧૫૨૬ | - | કનોજનું યુદ્ધ |
| ૨. | ઈ.સ. ૧૫૨૭ | - | ચૌસાનું યુદ્ધ |
| ૩. | ઈ.સ. ૧૫૨૯ | - | કાલિંજરનું યુદ્ધ |
| ૪. | ઈ.સ. ૧૫૩૧ | - | ગોગ્રાનું યુદ્ધ |
| ૫. | ઈ.સ. ૧૫૩૯ | - | ખાનાવાનું યુદ્ધ |
| ૬. | ઈ.સ. ૧૫૪૦ | - | પાણીપતનું પ્રથમ યુદ્ધ |

(ખ) (૦૬)

| | 'A' | | 'B' |
|---|---|---|---|
| ૧. | કુતુબુદ્દીન ઐબક | - | સહસ્ત્રલિંગ સરોવર |
| ૨. | રામદાસ | - | મરાઠાસંઘનો સ્થાપક |
| ૩. | બીરબલ | - | અકબરના દરબારનો વિદ્વાન |
| ૪. | જહાંગીર | - | શિવાજીના ગુરુ |
| ૫. | બાજીરાવ પહેલો | - | કુતુબમિનાર |
| ૬. | સિદ્ધરાજ જયસિંહ | - | કાશ્મીરનો શાલીમાર બાગ |

(ખ) (૦૬)

| | 'A' | | 'B' |
|---|---|---|---|
| ૧. | બુલંદ દરવાજો | - | મહંમદ બેગડો |
| ૨. | પ્રિયદર્શી | - | નિઝામુદ્દીન ઓલિયા |
| ૩. | કાબુલી મસ્જિદ | - | બાબર |
| ૪. | અમીર ખુશરોના ગુરુ | - | સમ્રાટ અશોક |
| ૫. | આમુકત-મલ્યદા | - | અકબર |
| ૬. | રાણી રૂપમતીની મસ્જિદ | - | કૃષ્ણદેવરાય |

@ @ @

www.downloadmela.com - World's number one free educational download portal